તા- ૧૪-૦૨.૨૦૨૪, પાના નં.૦૪
ગુજરાત સમાચાર (ગાંધીનગર આવૃત્તિ),

### મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી સેક્ટર-૧ સુધીના રૂટમાં

# મેટ્રો માટે નર્મદા કેનાલ પર એકસ્ટ્રા ડોઝડ કેબલ સ્ટેડ બ્રિજ ઉભો કરાયો



ગાંધીનગર,મંગળવાર

ગાંધીનગર-અમદવાદા હવે મેટ્રો રેલના મારફતે પણ જોડાવા જઈ રહ્યું છે. આગામી માર્ચ અથવા એપ્રિલમાં આ માટે ટ્રાયલ રનનું આયોજન કરવામાં આવનાર છે ત્યારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી સેક્ટર-૧ સુધીના રૂટમાં નર્મદા કેનાલ ઉપર એક્સ્ટ્રા ડોઝ્ડ કેબર સ્ટેડ બ્રિજનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ બ્રીજ તેના અંતિમ તબક્કામાં છે ત્યારે તે રેકોર્ડબ્રેક સમયમાં ઉભુ કરવામાં આવી રહ્યું છે અને તેના ઉપર આગામી દિવસોમાં ટ્રાયલ રન પણ કરાશે.

ગાંધીનગર-અમદાવાદ ટ્વીનસિટીને જોડતો વધુ એક માર્ગ એટલે કે, મેટ્રોરેલનું પુરજોશમાં કામ હાલ ગાંધીનગરમાં ચાલી રહ્યું છે. ગાંધીનગરના પાંચ નંબર રોડ ઉપર વધુ બે મેટ્રો સ્ટેશન માટે આગામી સાત મહિના સુધી રોડ બંધ કરવામાં આવ્યા છે ત્યારે રેકોર્ડબ્રેક સમયમાં નર્મદા મુખ્ય કેનાલ પર એક્સ્ટ્રા ડોઝ્ડ કેબલ સ્ટેડ બ્રિજનું પણ નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ કામગીરીને હવે આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદથી સેકટર-૧, ગાંધીનગરના મેટ્રો ટ્રેનના ટ્રાયલ શરૂ કરવાના આયોજનના ભાગરૂપે મેટ્રોની કામગીરી ખૂબ ઝડપથી આગળ વધી રહી છે, જે અન્વયે ઉપરનો નજારો રેકોર્ડ સમયમાં બનેલા નર્મદા મુખ્ય કેનાલ પરનો એકસટ્રા ડોઝડ કેબલ સ્ટેડ બ્રિજ છે, જેની કામગીરી આખરી તબક્કાએ પહોંચી છે.

## માર્ચ-એપ્રિલમાં મેટ્રોરેલનો સેક્ટર-૧ સુધી ટ્રાયલ કરાશે

આ પુલમાં ૧૪૫ મીટર લંબાઈનું સેન્ટ્રલ સ્પાન તથા ૭૯ મીટર લંબાઈના બે અંતિમ સ્પાનમાં કુલ ૧૦૫ સેગમેન્ટ પૈકી ૧૦૦ સેગમેન્ટ લોન્ચ થયા છે તથા ૨૮.૧ મીટર ઉંચાઈના બે પાયલોનની કામગીરી પણ પુર્ણ થઈ ગઈ છે. પુલની કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ થશે જે બાદ તેના ઉપર ટ્રેક, થર્ડ રેલ સહિતની કામગીરી ચાલુ કરીને માર્ચ અથવા એપ્રિલ માસમાં ટ્રાયલ શરૂ કરવાનું આયોજન ગુજરાત મેટ્રો રેલ કોપીરેશન દ્વારા કરવામાં આવ્યુ છે.

## ૧૪૫ મીટર લંબાઈનું સેન્ટ્રલ સ્પાન તથા ૭૯ મીટર લંબાઈના બે અંતિમ સ્પાનમાં કુલ ૧૦૫ પૈકી ૧૦૦ સેગમેન્ટ લોન્ચ